તારીખ: 8 ફેબ્રુઆરી, 2014

# ઓગસ્ટા વેસ્ટલેન્ડ વિશે રાજ્યસભામાં સંરક્ષણ પ્રધાનનું નિવેદન

- અરુણ જેટલી

વિરોધ પક્ષના નેતા (રાજ્ય સભા)

ગત 5 ફેબ્રુઆરી, 2014ના રોજ સંરક્ષણ પ્રધાન શ્રી એ.કે. પર એન્ટનીએ રાજ્યસભામાં એક નિવેદન કર્યું હતું. તેમનું નિવેદન ઈટાલિયન કોર્ટમાં વકીલે પૂરા પાડેલા દસ્તાવેજો પર આધારિત હતું, જે પ્રસાર માધ્યમોમાં પ્રગટ થયું હતું. તેમાં ગાઈડો હેશ્ક પાસેથી જપ્ત થયેલા મહત્વપૂર્ણ દસ્તાવેજોની માહિતી પણ તેમણે આપી. તે દસ્તાવેજમાં દર્શાવવામાં આવેલો શબ્દ "ફેમ" માં જે 'પરિવાર'નો ઉલ્લેખ છે, તે ત્યાગી પરિવાર છે. જો કે તેમણે "એપી" શબ્દ વિશે કંઈ કહ્યું નથી . તેમણે વધુમાં શ્રી ક્રિસ્ટીયન માઈકલ દ્વારા ચોક્કસ ભારતીય નેતાઓને લક્ષ્ય બનાવવામાં આવ્યાનો ઉલ્લેખ પણ કર્યો.

પ્રધાનશ્રી પાસેથી અમુક બાબતોમાં સ્પષ્ટિકરણ આવશ્યક જણાય છે, પણ મને શંકા છે કે તે જાણકારી આપવાથી ગૃહમાં હોબાળો મચી જાય એટલે તેમણે એવો ઉલ્લેખ માત્ર કર્યો. મારી શંકાને બાજુ પર મૂકીએ તો સંરક્ષણ પ્રધાને ખુલાસો કરવો જોઈએ એવું હું માનું છું.

15 માર્ચ, 2008 ના રોજ પ્રાપ્ત થયેલા દસ્તાવેજો ઈટાલિયન દલાલ પાસેથી પ્રાપ્ત થયા હતા. તેમાં ભારત વિશે એવી ટિપ્પણ કરવામાં આવી હતી કે "શ્રીમતી ગાંધી વીઆઈપી નેતાઓના પ્રેરકબળ છે. તેઓ એમઆઈ 8માં વધુ પ્રવાસ નહીં કરે" એવો ઉલ્લેખ કરાયો છે. આ દસ્તાવેજમાં શ્રીમતી ગાંધીના નિકટવર્તી એવા વિવિધ પ્રધાનો અને પક્ષ માટે કામ કરતા કાર્યકરો સહિતના વ્યક્તિઓની યાદી આપવામાં આવી છે.

અલગથી જપ્ત કરાયેલી ખાતાવહીમાં "એપી" શબ્દનો ઉલ્લેખ છે. તેના પછી "ફેમ" શબ્દ દર્શાવવામાં આવ્યો છે, જેનો મતલબ કદાચ ફેમિલી એટલે કે પરિવાર તરીકે હોઈ શકે છે.

એ સાચું છે કે આ સોદામાં કટકીની ચૂકવણી કરવામાં આવી છે અને ભારતીય કાયદાકાનુનને નેવે મૂકવામાં આવ્યા છે. તેથી આ કરાર રદ કરવામાં આવ્યા છે. સ્વીડનમાં વર્ષ 1987માં પકડાયેલી માર્ટિન આર્ડબોની ડાયરીમાં લખાયેલા શબ્દ 'ક્યૂ'ની મને યાદ આવે છે. તે શબ્દ કોના માટે ઉપયોગમાં લેવાયો હતો તે હકીકત પછીથી સ્પષ્ટ બની હતી. તે સંક્ષેપમાં સમજવા માટે શું દલાલે કરેલો 'પરિવાર' તરીકેનો ઉલ્લેખ અસામાન્ય નથી?

શબ્દો સ્વાભાવિક રીતે વપરાય ત્યારે તેનો ચોક્કસ અર્થ સમજવામાં આવે છે, તો પછી શા માટે 'કુટુંબ' શબ્દને ભારતમાં સમજી શકાય એવી રીતે તેનું અર્થઘટન કરાતું નથી?